ઓનરશીપના ધોરણે ફલેટનો
વેચાણ દસ્તાવેજ

(પ્રમોટરે રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન અને ડેવલપમેન્ટ) એકટ-૨૦૧૬ (રેરા) ની જોગવાઈ હેઠળ સત્તાધિકારી પાસે રજી. નં. ...., તા......../........./૨૦૨૦ થી નોંધણી કરાવેલ છે.)

ગુજરાત રાજયના રાજકોટ ડિસ્ટ્રીકટના સબડીસ્ટ્રીકટ ઉપલેટા તાબાના ગામ તળપદ ઉપલેટા શહેર મ્યુની. હદની અંદર રેસીકોમના હેતુ માટેની ઈમારત બાંધવાની **મંજુરીવાળી જમીનના પ્લોટ નં. ૯૩ ની જમીન ચો.મી.આ. ૮૨૫-૧૨ તથા પ્લોટ નં. ૯૨ ની જમીન ચો.મી.આ. ૩૭૦-૮૭ કુલ ચો.મી.આ. ૧૧૯૫-૯૯** ઉપર આવેલ " **ગોકુલ વૃંદાવન હાઈટ્સ** " ના નામથી ઓળખાતા રેસીકોમ લો-રાઈઝ બિલ્ડીંગ માહેના .... ફલોર ઉપર આવેલ ફલેટ/દુકાન નં.......... જેનો કારપેટ એરિયા ચો.મી.આ. .... તે બિલ્ટઅપ એરિયા ચો.મી.આ................

.... ફલોર ઉપર આવેલ ફલેટ નં......... કે જે કારપેટ એરિયા ચો.મી.આ............. Wash એરિયા ચો.મી.આ.............. Terrace એરિયા ચો.મી.આ............, Covered / Open Parking એરિયા ચો.મી.આ..........., Undivided Common એરિયા ચો.મી.આ. .... તે મળી કુલ ચો.મી.આ. .... જે બિલ્ટઅપ એરિયા ચો.મી.આ. .... Wash એરિયા ચો.મી.આ. .... Terrace એરિયા ચો.મી.આ. .... Covered / Open Parking એરીયા ચો.મી.આ............ Undivided Common એરિયા ચો.મી.આ........... તે મળી કુલ ચો.મી.આ............. વાળી મિલ્કત નો ઓનરશીપના ધોરણે વેચાણ દસ્તાવેજ.

|| ૨ ||

બીલ્ટઅપ એરીયા ચો.મી.આ..................

વેચાણ કિંમત રૂા........................../- અંકે રૂપિયા ....પુરા.

ઉપલેટા મ્યુનીસીપાલીટી ના મકાન વપરાશ અંગેનુ પ્રમાણપત્ર નં..............................

તા........../......./૨૦૨૦.

ઉપલેટા મ્યુનીસીપાલીટી રજાચીઠ્ઠી નં. UPADA/16-07-2019/1251113/01/000154

તારીખ :- ૨૧/૦૭/૨૦૧૯

<u>લખાવી લેનાર :-</u>

(૧) શ્રી .... (PAN :)

ઉ.વ.આ.:- ...., ધર્મે:-હિન્દુ, ધંધો:-................,

(૨) શ્રી .... (PAN :)

ઉ.વ.આ.:- ...., ધર્મે:-હિન્દુ, ધંધો:-................,

રહે.ઠે...

....

.... તે ફ્લેટ/દુકાન ખરીદનાર

.... તે એલોટી

<u>જોગ લખી આપનાર :-</u>

" ઓમ ડેવલોપર્સ " ના નામથી ચાલતી

ભાગીદારી પેઢીના ભાગીદારો

(૧) રાજશીભાઈ રૂડાભાઈ હુંબલ

ઉ.વ.આ.:-૬૪, ધર્મે:-હિન્દુ, ધંધો:-ખેતી/વેપાર,

રહે.ઠે.બ્લોક નં.૭૦૧, શગુન હાઈટસ-બી, પોરબંદર રોડ, ઉપલેટા.

(૨) અશોકકુમાર વસંતરાય શેઠ

ઉ.વ.આ.:-૫૧, ધર્મે:-હિન્દુ, ધંધો:-વેપાર,

રહે.ઠે.અપારનાથી સ્કુલ પાસે, ડૉ. ટોલીયા રોડ, ઉપલેટા.

(૩) ચંદુલાલ પંચાણભાઈ ડઢાણીયા

ઉ.વ.આ.:-૫૬, ધર્મે:-હિન્દુ, ધંધો:-વેપાર,

રહે.ઠે.પ્રતિક આશ્રમની બાજુમા, થાલા ચીખલી, જિ.નવસારી.

ઓમ ડેવલોપર્સ
પાર્ટનર

(૪) ભાવેશકુમાર મનસુખભાઈ કાલાવડીયા

ઉ.વ.આ.:-૪૪, ધર્મ:-હિન્દુ, ધંધો:-ખેતી/વેપાર,

રહે.ઠે.કચરા ડાયા ચોક, સ્ટાર ચેમ્બર સામે, શહીદ અર્જુન રોડ, ઉપલેટા.

(૫) પરેશકુમાર રાજશીભાઈ હુંબલ

ઉ.વ.આ.:-૪૦, ધર્મ:-હિન્દુ, ધંધો:-ખેતી/વેપાર,

રહે.ઠે.બ્લોક નં.૭૦૧, શગુન હાઈટસ-બી, પોરબંદર રોડ, ઉપલેટા.

ભાગીદારી પેઢીનું સરનામું :-

C/o. ઓમ ઈલેકટ્રીક,

બસ સ્ટેન્ડ ચોક, ઉપલેટા.

.... તે ફલેટ/દુકાન વેચનાર

.... તે પ્રમોટર

જત તમો ખરીદનાર જોગ આ વેચાણ દસ્તાવેજ લખી આપી બંધાઈએ છીએ કે :-

(૧) ગુજરાત રાજયના રાજકોટ ડિસ્ટ્રીકટના સબડિસ્ટ્રીકટ ઉપલેટા તાબાના ગામ તળપદ ઉપલેટા શહેર મ્યુની. હદની અંદર શહેર સુધારણાના પ્લોટ નં.૯૩ ની જમીન ચો.વા.આ. ૯૯૨-૨ ચો.મી.આ. ૮૨૫-૧૨ સીટી સર્વે નં.૨૨૪૫ શીટ નં.૩૩ અમો વેચનારએ રજી. વેચાણ દસ્તાવેજ અનુ. નં.૮૩૦ તા.૧૫/૦૩/૨૦૧૯ ના રોજ પટેલ નરશીદાસ રાજાભાઈ સાખે માકડિયા પાસેથી ખરીદ કરેલ છે તેમજ પ્લોટ નં. ૯૨ ની જમીન ચો.મી.આ. ૩૭૦-૮૭ સીટી સર્વે નં.૨૨૪૬ શીટ નં. ૩૩ અમો વેચનારએ રજી. વેચાણ દસ્તાવેજ અનુ. નં.૧૧૩૭ તા.૧૦/૦૪/૨૦૧૯ ના રોજ નરશીદાસ રાજાભાઈ (H.U.F.) પાસેથી ખરીદ કરેલ છે ત્યારથી સદરહુ પ્લોટોની જમીન અમોની સ્વતંત્ર માલિકી તથા કબજા, ભોગવટાની આવેલ છે અને સદરહુ પ્લોટ નં. ૯૩, ૯૨ ની જમીનનુ અમોએ સીટી સર્વે સુપ્રીટેન્ડેન્ટ અને અધિક મામલતદાર ની કચેરી ઉપલેટાના નં. સી.ટી.એસ. / એકત્રીકરણ / વોર્ડ નં. ૨ / ૨૦૧૯ તા.૨૪/૦૫/૨૦૧૯ થી એકત્રીકરણ કરાવી જેના સીટી સર્વે શીટ નં.૩૩ સીટી

ઓમ ડેવલોપર્સ
પાર્ટનર

સર્વે નં. ૨૨૪૫ ચો.મી.આ. ૧૧૯૫-૯૯ કાયમ થયેલ ત્યારબાદ સદરહુ જમીન ઉપર રેસીકોમ લો-રાઈઝ બિલ્ડીંગ બનાવવાનુ આયોજન કરતા અમોએ સદરહુ પ્લોટોની જમીન ઉપર રેસીકોમ લો-રાઈઝ બિલ્ડીંગનુ બાંધકામ કરવા માટેનો બિલ્ડીંગ પ્લાન ઉપલેટા મ્યુનીસીપાલીટીમાં મંજુરી અર્થે રજુ કરતા ઉપલેટા મ્યુનીસીપાલીટીના સક્ષમ અધિકારીશ્રીએ તેમની કચેરીના રજાચીઠ્ઠી નં. UPADA/16-07-2019/1251113/01/000154 તારીખ :- ૨૧/૦૭/૨૦૧૯ ના રોજથી બિલ્ડીંગ પ્લાન મજુંર કરી આપેલ છે જે મંજુર થયેલ બિલ્ડીંગ પ્લાન તથા બાંધકામ પરવાનગીની શરતોને આધીન લો - રાઈઝ રેસીકોમ બિલ્ડીંગ અમોએ સ્થાનિકે બાંધકામ કરેલ છે તેમજ બાંધકામ પુર્ણ થતા અમોએ ધારા-ધોરણ મુજબ ઉપલેટા મ્યુનીસીપાલીટીમાંથી મકાન વપરાશ અંગેનુ પ્રમાણપત્ર નં....................... તા........./......../૨૦૨૦ ના રોજથી મેળવેલ જે લો-રાઈઝ રેસીકોમ બિલ્ડીંગનુ **" ગોકુલ વૃંદાવન હાઈટ્સ "** નામ રાખવામા આવેલ છે ત્યારથી સદરહુ બાંધકામ સહીતની મિલ્કત અમોની ભાગીદારી પેઢીની માલીકી તથા કબજા, ભોગવટાની આવેલ છે અને " ઓમ ડેવલોપર્સ " ના નામથી ચાલતી ભાગીદારી પેઢીના અધિકૃત વહીવટ કર્તા દરજજે સદરહું બાંધકામ સહીતની મિલ્કતનો વેચાણ વ્યય, વ્યવહાર વ્યવસ્થા વિગેરે કરવાનો અમોને સંપુર્ણ હકક સતા અને અધિકાર છે. તે અધિકારની રૂએ ગુજરાત રાજયના રાજકોટ ડિસ્ટ્રીકટના સબડીસ્ટ્રીકટ ઉપલેટા તાબાના ગામ તળપદ ઉપલેટા શહેર મ્યુની. હદની અંદર રેસીકોમ ના હેતુ માટેની ઈમારત બાંધવાની મંજુરીવાળી જમીનના **પ્લોટ નં. ૯૩** ની જમીન **ચો.મી.આ. ૮૨૫-૧૨** તથા **પ્લોટ નં. ૯૨** ની જમીન **ચો.મી.આ. ૩૭૦-૮૭** કુલ **ચો.મી.આ. ૧૧૯૫-૯૯** ઉપર આવેલ **" ગોકુલ વૃંદાવન હાઈટ્સ "** ના નામથી ઓળખાતા રેસીકોમ લો-રાઈઝડ બિલ્ડીંગ માહેના .... ફ્લોર ઉપર આવેલ ફ્લેટ/દુકાન નં............ કે જેનો કારપેટ એરીયા ચો.મી.આ............. આવેલ છે. તે અમો વેચનારએ તમો ખરીદનારને વેચાણ આપતા તમો ખરીદનાર પાસેથી સંપુર્ણ વેચાણ કિંમત વસુલી લઈ આ વેચાણ

// ૫ //

ઓમ ડેવલોપર્સ
પાર્ટનર

દસ્તાવેજ કરી આપીએ છીએ. જેનો ઉલ્લેખ હવે પછીથી આ દસ્તાવેજમા " સદરહુ મિલ્કત " તરીકે કરેલ છે. આ તમોને વેચાણ આપેલ મિલ્કતની ચર્તુ:સીમા શેડયુલ-"બી" મા દર્શાવેલ છે તેમજ સમગ્ર બિલ્ડીંગની ચર્તુ:સીમા તથા સંપુર્ણ વર્ણન સગવડતાઓ શેડયુલ-"એ" મા દર્શાવેલ છે તેમજ સમગ્ર બિલ્ડીંગની કોમન સુવીધાઓ અને શરતોનુ વર્ણન શેડયુલ-"સી" માં દર્શાવેલ છે તેમજ રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન અને ડેવલપમેન્ટ) એકટ-૨૦૧૬ ની જોગવાઈ હેઠળ કરાવેલ નોંધણી પ્રમાણપત્રની નકલ આ સાથે એનેક્ષર-"૧" માં રજુ છે.

(૨) ગુજરાત રાજયના રાજકોટ ડિસ્ટ્રીકટના સબડીસ્ટ્રીકટ ઉપલેટા તાબાના ગામ તળપદ ઉપલેટા શહેર મ્યુની. હદની અંદર રેસીકોમના હેતુ માટેની ઈમારત બાંધવાની મંજુરીવાળી જમીનના **પ્લોટ નં. ૯૩** ની જમીન **ચો.મી.આ. ૮૨૫-૧૨** તથા **પ્લોટ નં. ૯૨** ની જમીન **ચો.મી.આ. ૩૭૦-૮૭** કુલ **ચો.મી.આ. ૧૧૯૫-૯૯** ઉપર આવેલ **" ગોકુલ વૃંદાવન હાઈટ્સ "** ના નામથી ઓળખાતા રેસીકોમ લો-રાઈઝડ બિલ્ડીંગ માહેના .... ફલોર ઉપર આવેલ ફલેટ/દુકાન નં............. કે જેનો કારપેટ એરીયા ચો.મી.આ. .... તે બિલ્ટઅપ/કારપેટ એરીયાવાળી સ્થાવર મિલ્કત તમોને આજરોજ વેચાણ આપેલ છે. આ સદરહું મિલ્કત તમોને અમારા તે માહેના તમામ પ્રકારના માલીકી, કબજા, ભોગવટા અને સુખાધિકારના હકકો સહીત વેચાણ કિંમત રકમ વેચાણ કિંમત રૂા................/- અંકે રૂપિયા .... પુરામાં વેચાણથી આપેલ છે. જેનો સંપુર્ણ ચુકતે અવેજ તમોની પાસેથી નીચેની વિગતે મળી ગયેલ છે.

<u>રકમ રૂા.</u>	<u>વિગત</u>
રૂા.................../-	અંકે રૂપિયા .... પુરાનો .... શાખાના ચેક નં...................... તા....................... ના રોજ તમો ખરીદનાર પાસેથી અમો વેચનારને ચેકથી મળેલ છે.
રૂા.................../-	કુલ અંકે રૂપિયા ....પુરા.

ઓમ ડેવલોપર્સ
પાર્ટનર

તમો ખરીદનાર પાસેથી અમો વેચનારને સદરહુ મિલ્કત સંબંધેનો સંપુર્ણ ચુકતે અવેજ ઉપરોક્ત વિગતે મળી ગયેલ છે. જેની આથી અમો પાકી પહોંચ લખી આપીએ છીએ. અને અવેજ બાબતે હવે અમોને કે અમોના વંશ, વાલી, વારસોએ કોઈ વાંધો તકરાર લેવાના નથી. જેની અમો વચન, વિશ્વાસ અને ખાત્રી આપીએ છીએ.

(૩) સદરહું મિલ્કત અંગે અમોએ વીલ કે અન્ય પ્રકારે કોઈપણ જાતની તબદીલી કે સેટલમેન્ટ કે ટ્રસ્ટ, બક્ષીસ કે અન્ય રીતે વ્યવસ્થા કરી નથી. તમોને વેચાણ આપેલ મિલ્કતનો આજરોજ હાલ જે સ્થિતિમાં છે. તે સ્થિતિમાં શાંત, ખાલી, નિર્ભય, નિર્મળ, પ્રત્યક્ષ અને બીનતકરારી કબજો તમોને આજરોજ સોંપી આપેલ છે. જે તમોએ જોઈ તપાસી સંભાળી લીધેલ છે. આ બાબતે કોઈપણ જાતનો વાંધો, તકરાર રહેતો નથી. જેની આથી સ્પષ્ટતા કરવામાં આવેલ છે.

(૪) અમો વેચનારએ તમો ખરીદનારને અમોના તે માહેના તમામ પ્રકારના માલિકી, કબજા, ભોગવટા અને સુખાધિકારના હકકો સહીત વેચાણ આપેલ છે. તેનો સંપુર્ણ ચુકતે અવેજ ઉપરોકત વિગતે તમારી પાસેથી સ્વીકારી લઈ તેનો કબજો તમોને સોપી આપેલ છે. તેમજ આજથી તમો તેના માલીક અને કબજેદાર થાવ છો. તે તમો યાવતચંદ્ર દિવાકરો વંશ પરંપરા સુખેથી ભોગવજો, વસજો, વસાવજો, યા તમારૂ દિલ ચાહે તે રીતે તેનો ઉપયોગ, ઉપભોગ કરજો તેમાં હવેથી અમોનો કે અમોના વંશ, વારસો, વાલી, કબજેદાર, દાવેદાર, હિસ્સેદાર કે અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ દરદાવો લેણું કરજ, ગીરો, બોજો, લીયન, ચાર્જ અગ્રહકક, ભરણ પોષણનો હકક, વારસાઈ હકક કે અન્ય કોઈ પ્રકારનો હકક અધિકાર નથી. તેમ છતા આ તમોને વેચાણ આપેલ સદરહું મિલ્કત સંબધે અમોના કે અમોના પુરોગામીના માલિકી કબ્જા નામ ટ્રાન્સફર, ટાઈટલ સંબધે કોઈ ભવિષ્યમાં વાંધો તકરાર ઉઠાવે તો તેવા પ્રસંગે તમોને થતા તમામ પ્રકારના ખર્ચ પરીણામની જવાબદારી અમોની તથા અમોના વંશ, વારસો, વાલી, સહીત બધાની રહેશે અને તેવી તમામ રકમ તમો અમોની પાસેથી કોર્ટ ખર્ચ સહીત વસુલ મેળવવા હકકદાર રહેશો.

(૫) આ તમોને વેચાણ આપેલ મિલ્કત ઉપર નામદાર સરકારશ્રીનું કે, અર્ધસરકારી સંસ્થાનું કે, રાષ્ટ્રીયકૃત બેન્કનું કે, સહકારી બેન્કનું કે, ખાનગી વ્યકિત,

// ૭ //

ઓમ ડેવલોપર્સ
પાર્ટનર

આસામી, પેઢી, કંપની કે અન્ય કોઈનું કોઈપણ પ્રકારનું લેણું કરજ, ગીરો, બોજો, ચાર્જ વિગેરે નથી તેમજ અમોએ તેના ઉપર લોન લીધી નથી કે જામીનગીરી સ્વીકારેલ નથી કે ખાનગીમા તેની વ્યવસ્થા, સેટલમેન્ટ, ગીરો, બક્ષિસ વિગેરે કરેલ નથી તેમજ સદરહુ મિલ્કત એકવાયર કરવા અંગે અમોને કોઈ નોટીસ મળેલ નથી કે કોઈ કાર્યવાહી ચાલતી નથી તેમજ સદરહુ મિલ્કત કે તેનો કોઈ ભાગ કોઈપણ યોજના માટે અનામત રાખવામા આવેલ નથી તેમજ કોઈપણ અદાલતમા કોઈ હુકમથી જપ્તીમાં કે અવલ જપ્તીમાં લેવામાં આવેલ નથી તેમજ આ મિલ્કત અમોની માલિકીની છે તેમા અમોના સિવાય અન્ય કોઈનો લેસ હકક અધિકાર નથી તેવી ઉપરની તમામ બાબતોનુ તમોને પાકુ વચન, વિશ્વાસ અને ખાત્રી આપીને સર્વે પ્રકારના બોજા રહીત તમોને આ સદરહુ મિલ્કત વેચાણ આપેલ છે.

(૬) ભવિષ્યમા કોઈપણ કારણોસર આ બિલ્ડીંગ પડી જાય તો તમો ખરીદનારની સદરહુ મિલ્કત હાલ જે માળ ઉપર આવેલ છે તે જ ફલોરમા તમો ખરીદનારએ ખરીદેલ તમારી માલિકી હકકવાળો ભાગ છે તેથી તે વખતના વિદ્યમાન કાયદા મુજબના ભાગનુ ચણતરકામ કરવુ પડે તે વખતે બાંધકામનુ જે ખર્ચ થશે તેની સ્કેવરફીટના હિસાબે વરાડે તડતી રકમ તમો ખરીદનારએ આપવાની છે અને ત્યારબાદ ગુજરાત રાજયના ફલેટ એકટની જોગવાઈ અનુસાર બીજા માલિકો સાથે તમો ખરીદનારનો માલીકી હકક રહેશે.

(૭) આ તમોને વેચાણ આપેલ સદરહુ મિલ્કત અંગેના આજ દિવસ સુધીના તમામ પ્રકારના વેરાઓ, જેવા કે મહેસુલ, લેવી, શેષ વિગેરે અમોએ ભરપાઈ કરી આપેલ છે આ વેચાણ દસ્તાવેજ પછી તે ભરવાની જવાબદારી તમો ખરીદનાર ની રહેશે તેમ છતા આજરોજ પહેલાના આવા કોઈ વેરાઓ ભરવાના બાકી હોય કે ભરવાના બાકી નીકળે તો તે અમોએ ભરપાઈ કરી આપવા છે જેની અમો વચન, વિશ્વાસ અને ખાત્રી આપીએ છીએ તેમજ તેનો નામ બદલો અમોએ તમોને તમોના ખર્ચે કરાવી આપવો છે તે અંગેની જરૂરી અરજીઓમાં અમોએ અમોની સંમતિ બદલ સહીઓ કરી આપવી છે અને હાજર રહેવાની જરૂર પડે ત્યાં હાજર રહેવુ છે.

ઓમ ડેવલોપર્સ
(signature)
પાર્ટનર

(૮) સદરહું તમોને વેચાણ આપેલ મિલ્કતના ટાઈટલ ડીડઝ નીચે મુજબ છે :-

(૧) નમુનો " એચ " (કાનુન-૪૩) તા.૧૮/૮/૫૫ ની નકલ.

(૨) નમુનો " કે " (કાનુન-૫૪) તા.૫/૫/૫૩ ની નકલ. (ઉ.મા.ધ. સર્ટી ૩૧).

(૩) નમુનો " એચ " (કાનુન-૪૩) તા.૧૮/૮/૫૬ ની નકલ.

(૪) નમુનો " કે " (કાનુન-૫૪) તા.૧૫/૫/૫૩ ની નકલ.

(૫) નમુનો " કે " (કાનુન-૫૪) તા.૬-૭/માહે ૫-૬/સને ૧૯૫૪ ની નકલ.

(૬) રજી.વે.દ.અનુ.નં. ૪૪૮ તા.૨૮/૪/૧૯૫૩ ની નકલ.

(૭) રજી.વે.દ.અનુ.નં.૪૦૨ તા.૨૩/૪/૧૯૬૯ ની નકલ તથા કુ. મુ. ની નકલ.

(૮) સીટી સર્વે કચેરીની સનદ – ૨ ની નકલ.

(૯) પ્રોપર્ટી કાર્ડની ખરી નકલ – ૨ ની નકલ.

(૧૦) સીટી સર્વે કચેરીના ઠરાવ – ૨ ની ખરી નકલની નકલ.

(૧૧) દૈનિક પેપર સંદેશમા પ્રસિધ્ધ થયેલ જાહેર નોટીસ – ૨ તથા એડવોકેટશ્રી ના પ્રમાણપત્ર – ૨ ની નકલ.

(૧૨) રજી.વે.દ.અનુ.નં.૮૩૦ તા.૧૫/૦૩/૨૦૧૯ ની નકલ તથા પ્રોપર્ટી કાર્ડની ખરી નકલ ની નકલ.

(૧૩) રજી.વે.દ.અનુ.નં.૧૧૩૭ તા.૧૦/૦૪/૨૦૧૯ ની નકલ તથા પ્રોપર્ટી કાર્ડની ખરી નકલ ની નકલ.

(૧૪) ઉપલેટા મ્યુનીસીપાલીટી માંથી મેળવેલ મકાન વપરાશ અંગેનુ પ્રમાણપત્ર નં........................ તા......../......../૨૦૨૦ ના રોજની નકલ.

(૧૫) ઉપલેટા મ્યુનીસીપાલીટી માંથી મેળવેલ રજાચીઠ્ઠી નં. UPADA/ 16-07-2019/1251113/01/000154 તારીખ :- ૨૧/૦૭/૨૦૧૯ ની નકલ.

ઓમ ડેવલોપર્સ
પાર્ટનર

(૧૬) એકત્રીકરણ થયાના પત્રની નકલ.

(૧૭) ઉપલેટા મ્યુનીસીપાલીટીમાંથી મંજુર થયેલ બિલ્ડીંગ પ્લાનની નકલ.

(૧૮) વેરા ભર્યાની પહોંચ.

ઉપરોકત મુજબની ફાઈલ સાથેના ઉતરોતરના ટાઈટલ ડીડઝ તમોને સોંપી આપેલ છે જે તમોએ જોઈ તપાસી સંભાળી લીધેલ હોય તેથી ભવિષ્યમા ટાઈટલના ડોકયુમેન્ટ બાબતે તમોએ કોઈપણ જાતનો વાંધો કે તકરાર લેવાનો નથી જેની વચન, વિશ્વાસ અને ખાત્રી આપેલ છે.

(૯) આ વેચાણ દસ્તાવેજ અમોએ તમોને તમારા ખર્ચે રજીસ્ટર કરાવી આપવાનો છે જેમા સ્ટેમ્પ ડયુટી તથા વેલ્યુએશનનો સંપુર્ણ ખર્ચ તમો ખરીદનારએ ભોગવવાનો રહેશે તેમજ ભવિષ્યમા સ્ટેમ્પ ડયુટી તથા વેલ્યુએશનની તમામ જવાબદારી તમો ખરીદનાર ની રહેશે જેની આથી સ્પષ્ટતા કરવામા આવે છે.

(૧૦) અમો પ્રમોટરને સદર પ્રોજેકટની જમીન અન્વયે બાંધકામ પુર્ણતા પ્રમાણપત્ર મેળવ્યા બાદ કોઈપણ પ્રકારના FSI, વધારાની FSI, કે અગાસીના કોઈ હકકો અને અધિકારો રહેશે નહી. અમો જમીન માલીકને પ્રોજેકટની જમીન / મિલકતની તબદીલી ખરીદનાર તથા એશોશીએશનને કર્યા બાદ ખરીદનારના કોઈ હિતને નુકશાન થાય તે પ્રકારના કોઈ હકક રહેશે નહી.

<u>-:: શેડયુલ - " એ " ::-</u>

ગુજરાત રાજયના રાજકોટ ડિસ્ટ્રીકટના સબડીસ્ટ્રીકટ ઉપલેટા તાબાના ગામ તળપદ ઉપલેટા શહેર મ્યુની. હદની અંદર રેસીકોમના હેતુ માટેની ઈમારત બાંધવાની મંજુરીવાળી જમીનના **પ્લોટ નં. ૯૩** ની જમીન **ચો.મી.આ. ૮૨૫-૧૨** તથા **પ્લોટ નં. ૯૨** ની જમીન **ચો.મી.આ. ૩૭૦-૮૭ કુલ ચો.મી.આ. ૧૧૯૫-૯૯** ઉપર આવેલ **" ગોકુલ વૃંદાવન હાઈટ્સ "** ના નામથી ઓળખાતા રેસીકોમ લો-રાઈઝડ બિલ્ડીંગની ચર્તુ:દિશા તથા સંપુર્ણ વર્ણન નીચે મુજબ છે.

પ્લોટ નં. ૯૩ ની ભરતરી તથા ચર્તુ:દિશા :-

ઉતરે	:-	મી. ૨૮-૭૫ આ તરફ લાગુ સીટી સર્વે નં. ૨૨૪૬ વાળી મિલ્કત આવેલ છે.
દક્ષિણે	:-	મી. ૨૮-૭૫ આ તરફ લાગુ રોડ આવેલ છે.
પૂર્વે	:-	મી. ૨૮-૭૫ આ તરફ લાગુ રોડ આવેલ છે.
પશ્ચિમે	:-	મી. ૨૮-૭૫ આ તરફ લાગુ સીટી સર્વે નં. ૨૨૪૮ વાળી મિલ્કત આવેલ છે.

ઓમ ડેવલોપર્સ
પાર્ટનર

પ્લોટ નં. ૯૨ ની ભરતરી તથા ચર્તુઃદિશા :-

ઉતરે :- મી. ૨૮-૫૫ આ તરફ લાગુ સીટી સર્વે નં. ૨૨૯૪ વાળી મિલ્કત આવેલ છે.

દક્ષિણે :- મી. ૨૮-૭૫ આ તરફ લાગુ સીટી સર્વે નં. ૨૨૪૫ વાળી મિલ્કત આવેલ છે.

પૂર્વે :- મી. ૧૨-૯૦ આ તરફ લાગુ રોડ આવેલ છે.

પશ્ચિમે :- મી. ૧૨-૯૦ આ તરફ લાગુ સીટી સર્વે નં. ૨૨૪૭ વાળી મિલ્કત આવેલ છે.

" ગોકુલ વૃંદાવન હાઈટ્સ " ના નામથી ઓળખાતા રેસીકોમ લો-રાઈઝ બિલ્ડીંગ નું સંપુર્ણ વર્ણન નીચે મુજબ છે.

ગ્રાઉન્ડ ફલોર :- સાત-દુકાન, કવર્ડ પાર્કિંગ, સીડી, લીફ્ટ તથા પેસેજનું બાંધકામ.

ફર્સ્ટ ફલોર થી ફીફથ ફલોર :- ફોર-બેડરૂમ, હોલ, કીચન, એટેચ ટોયલેટ, પોર્ચ નુ બાંધકામ.

જમીનના તડનો વગર વેચાયેલો હિસ્સો .... ચો.મી. છે.

-:: શેડયુલ - " બી " ::-

" ગોકુલ વૃંદાવન હાઈટ્સ " ના નામથી ઓળખાતા રેસીકોમ લો-રાઈઝ બિલ્ડીંગ માહેના .... ફલોર ઉપર આવેલ ફલેટ/દુકાન નં.......... કે જેનો કારપેટ એરીયા ચો.મી.આ. .... ની ચર્તુઃદિશા નીચે મુજબ છે.

ઉતરે :-

દક્ષિણે :-

પૂર્વે :-

પશ્ચિમે :-

-:: શેડયુલ - " સી " ::-

શેડયુલ " એ " માં દર્શાવેલ સમગ્ર ઈમારત હેઠળની જમીન, બીમ, પાયા, પ્લીન્થ, કોલમ, સપોર્ટીંગ વોલ, પેસેજ, પાર્કિંગ પ્લેસ, સીડી, રૂમ, લીફ્ટ, લીફ્ટ રૂમ, ઈલેક્ટ્રીક લાઈટના ફીટીંગ્સ, પ્લમ્બીંગનું ફીટીંગ્સ, વોટર કનેકશન ફીટીંગ્સ, કમ્પાઉન્ડ વોટર ટેંક, ઓવર હેડ વોટર ટેંક વિગેરે સહીયારી સુવિધાઓ છે.

આ ફ્લેટ/દુકાનમાં તમામ પ્રકારનો માલ-સામાન પ્રમાણભુત ગુણવતા પ્રમાણે નો ઉપયોગ થશે જેમાં

(૧) આર.સી.સી. ફ્રેમ સ્ટ્રક્ચર બાંધકામ.

(૨) બહારની દિવાલ ડબલ કોટેડ પ્લાસ્ટર.

(૩) બહારની દિવાલમાં સારી ગુણવતાનો વેધર પ્રુફ કલર.

(૪) દરવાજા : મેઈન ડોર ગ્રેનાઈટ ફ્રેમ સાથે પ્લાયવુડના ડેકોરેટીવ ડોર તથા અંદરના ડોર પ્લાયવુડના.

(૫) બારી : પાવડર કોટેડ એલ્યુમીનીયમ વિન્ડો.

(૬) ફલોરીંગ : વિકટ્રીફાઈડ ટાઈલ્સ.

(૭) રસોડુ : પોલીસ્ડ ગ્રેનાઈટ પ્લેટ ફોર્મ તથા સ્લેબ લેવલ સુધી ગ્લેઝ ટાઈલ્સ સાથે.

(૮) બાથરૂમ : સ્લેબ લેવલ સુધી ગ્લેઝ ટાઈલ્સ સાથે.

(૯) સારી ગુણવતાનું પ્લમ્બીંગ ફીટીંગ તથા જરૂરીયાત મુજબના પોઈન્ટ સાથે.

(૧૦) ઈલેકટ્રીક : સારી ગુણવતાનું ઈલેકટ્રીક ફીટીંગ તથા કોપર વાયર સાથે

(૧૧) લીફટ : સારી ગુણવતાવાળી લીફટ.

ઉપરોક્ત આ બિલ્ડીંગની સહીયારી સુવિધાઓ છે જે કાયમ માટે અવિભાજય રહેશે અને તેની જાળવણી કરવા માટેનો મેઈન્ટેનન્સ ખર્ચ એસોસીએશન દ્વારા વસુલ કરવામા આવશે.

સદરહુ " **ગોકુલ વૃંદાવન હાઈટ્સ** " મંજુર થયેલ બિલ્ડીંગ પ્લાન મુજબ રેસીકોમ એકમ છે તેથી સદરહુ બિલ્ડીંગએ રીતે સહમાલીકીનું છે તેથી ઓનર્સ કમ પ્રમોટર્સ ડેકલેરેશનના નિયમો તથા નીચે દર્શાવેલ શરતોનુ ખાસ પાલન કરવાનુ રહેશે તેમજ હાલના ધારણકર્તા ભવિષ્યમા આ મિલ્કત વેચાણ કરે તો નીચે મુજબની શરતોને આધીન વેચાણ આપવાનુ રહેશે.

(A) એવુ કબુલ કરવામા છે કે વેચાણના દસ્તાવેજ મુજબ કામગીરી, ગુણવતા કે પ્રમોટરની અન્ય જવાબદારી કે સેવા બાબતની જોગવાઈઓ કોઈ બાંધકામની ક્ષતિ અથવા અન્ય ક્ષતિના કિસ્સામાં, તે બાબત એલોટીને કબજો સોંપી આપ્યાથી પાંચ વર્ષની અંદર પ્રમોટરના ધ્યાનમાં લાવવામાં આવશે તો જયારે

ઓમ ડેવલોપર્સ
પાર્ટનર

શકય હોય ત્યારે પ્રમોટરની તે ક્ષતિ કોઈપણ વધારાના ખર્ચ વસુલ કર્યા સિવાય તેણે ત્રીસ દિવસમાં ક્ષતિ સુધારી આપવી. જો પ્રમોટર તે ક્ષતિ કે સમયમાં સુધારવામાં નિષ્ફળ નિવડે તો પીડીત (AGGRIEVED) એલોટી આ કાયદામાં ઠરાવેલ રીતે વળતર મેળવવા માટે હકકદાર રહેશે.

તેમજ સદરહું આવી ક્ષતિમાં કોઈપણ સ્ટ્રકચરની કે સ્ટ્રકચરને લગતી ખામીઓ ધ્યાનમાં આવે તો આ માટે વેચનાર (પ્રમોટર) જવાબદાર રહેશે નહી અથવા આવી ક્ષતિઓમાં જેમ કે વર્કમેનશીપની ખામીઓ તથા તેની સેવાની ગુણવતાને તથા સેવાની જોગવાઈમાં ખામી કે જે વેચનાર (પ્રમોટર) ની કંટ્રોલ (કાર્ય ક્ષમતા) બહાર હોય છે.

(B) મિલ્કત વપરાશ તથા કબજા માટે તૈયાર છે તેવી લેખીત જાણ થયાથી એલોટી જરૂરી ક્ષતિપુર્તિ બાહેંધરી અને આ કરારમાં ઠરાવ્યા મુજબના દસ્તાવેજો સહી કરીએ એલોટી ૧૫ (પંદર) દિવસમા સદરહુ મિલ્કતનો કબજો લેશે અને પ્રમોટર એલોટીને મિલ્કતનો કબજો સોંપી આપશે જો કોઈ કિસ્સામા એલોટી કબજો લેવામા નિષ્ફળ નિવડે તો જોગવાઈ પ્રમાણે એલોટી ૧૫ (પંદર) દિવસ બાદ લાગુ પડતા મેઈન્ટેનન્સ ચાર્જ ચુકવવાની જવાબદારી ચાલુ રહેશે.

જયારે મિલ્કત વપરાશ તથા કબજા માટે તૈયાર હોય ત્યારે પ્રમોટર એલોટીને પ્રોજેકટની જમીનના મહેસુલ તથા તમામ પ્રકારના બિલ્ડીંગના હિસ્સામાં આવતા પ્રમાણસરના ચુકવવાપાત્ર જે હોય તે ચુકવવા માટે એલોટી ને નોટીસ આવ્યાથી પંદર દિવસમાં રકમ એલોટી પ્રમોટરને ચુકવી આપશે. એસોસીએશન અથવા સોસાયટીની રચના થાય ત્યાં સુધી તે સામાન્ય ખર્ચ ચુકવશે. પ્રમોટરને ચુકવેલ રકમ પ્રમોટરની પાસે રહેશે તથા એસોસીએશન અથવા મંડળીની રચના થયેથી પ્રમોટર તેને તબદીલ કરી દેશે. પ્રમોટર આ રકમ દર મહીને તેને થયેલ ખર્ચના પ્રમાણેની રકમ મુજબ વસુલ કરશે. તેમજ અન્ય કોઈ ચુકવવાપાત્ર સામાન્ય ખર્ચની રકમ હોય તે પણ વસુલ કરી શકશે.

(C) તમોને બિલ્ડીંગ પ્લાનમાં મંજુર થયા પ્રમાણેના બિલ્ટઅપ એરીયા મુજબના એકમનું વેચાણ આપેલ છે. એટલે તમો તેટલા જ ક્ષેત્રફળ ના માલીક થાઓ છો.

ઓમ ડેવલોપર્સ
પાર્ટનર

(C. 1) સદરહું તમોને વેચાણ આપેલ ફલેટ/દુકાનને લગતુ તમારા નામ જોગ કરી આપેલ બાનાખત (સેલ એગ્રીમેન્ટ) તથા તમોને આપેલ એલોટમેન્ટ લેટરમાં ઉલ્લેખ કરેલ તમામ શરતો તથા રેરા કાયદાની જોગવાઈઓનું તમો ખરીદનારએ તથા અમો વેચનાર (પ્રમોટર) એ પાલન કરવાનું રહેશે તેમાં કોઈપણ પ્રકારે કસુર કરવાની નથી.

(D) નીચેના ભાગે મંજુર થયેલ પાર્કીંગમાં તમારા કબજામાં રહેતી જગ્યાનાં પ્રમાણમાં માત્ર પાર્કીંગ પુરતો જ હકક રહેશે તેમજ સદરહુ બિલ્ડીંગની ટોપ ફલોરની અગાસીનો તમો ખરીદનારએ અન્ય ફલેટ/દુકાન હોલ્ડરો સાથે સયુંકત રીતે ઉપયોગ, ઉપભોગ તથા ભોગવટો કરી શકશો જેની આથી સ્પષ્ટતા કરવામા આવે છે.

(E) તમોને વેચાણ આપેલ એકમવાળી મિલ્કતમાં જે ભાગ સહીયારો છે તેનો જાળવણી, સાચવણી તથા વ્હાઈટ વોશ તેમજ સામાન્ય સુવિધા અંગે તમામ પ્રકારનાં ખર્ચ જેવા કે કોમન મેન્ટેનન્સ, કર-કિરાયો-પાણી વેરો વિગેરે તમારે અન્ય માલિકો સાથે સલાહ સંપથી નકકી કરીને જગ્યાના કબજાના પ્રમાણમાં વરાડે ભોગવવાનો રહેશે. જે ખર્ચ તમોએ બિલ્ડીંગના ઓનર્સ ઓફ એસોસીએશનને સમયસર ચુકવવાનો રહેશે અને આ મેન્ટેનન્સ ફંડ સમયસર નહી ચુકવવામાં આવે તો કોમન સુવિધાઓ બંધ કરવામાં આવશે જે અંગે કોઈ વાદ વિવાદ કરવાનો નથી.

(F) તમારા એકમ પુરતાં અંદરના ભાગનો વ્હાઈટ વોશ તથા સમારકામ ખર્ચ તમારે ભોગવવાનો છે તથા ઈમારતને નુકશાન ન થાય તથા અન્ય માલિકોને અડચણ ન થાય તે રીતે વર્તવાનુ છે.

(G) ભવિષ્યમાં મિલ્કત અકસ્માતે પડી જાય કે નુકશાન થાય તો તમોને જે મિલ્કત વેચાણ આપેલ છે તેટલા પુરતો જ તમારો હકક રહેશે અને તેના સમારકામ, બાંધકામનો ખર્ચ ચુકવ્યા બાદ જ તમો માલીકી હકક તરીકે તેનો કબજો પ્રાપ્ત કરી શકશો.

(H) તમોને વેચાણ આપેલ એકમનો કાયદેસરના રહેણાંક માટે ઉપયોગ કરવાનો છે તેમજ બિલ્ડીંગના કોઈપણ ભાગનો ગેરકાયદેસરના ધંધા માટે ઉપયોગ કરવાનો નથી જેની આથી સ્પષ્ટતા કરવામાં આવે છે.

ઓમ ડેવલોપર્સ
પાર્ટનર

(I) બિલ્ડીંગના એલીવેશનમાં કોઈપણ જાતનો ફેરફાર કરવાનો નથી.

(J) સદરહું મિલ્કતનું બાંધકામ ફીટીંગ વિગેરે તપાસી વેચાણ આપેલ છે તેથી તમો વ્યકિતગત રીતે અથવા અન્ય માલીકો સાથે તે બાબતે કોઈ તકરાર ઉઠાવવા હકકદાર રહેશો નહી.

(K) તેમજ સમગ્ર બિલ્ડીંગમાં આવેલ કોમન પેસેજનો ઉપયોગ હાલવા ચાલવા સિવાય અન્ય હેતુ માટે કરવાનો નથી.

(L) તમોને વેચાણ આપેલ ફલેટ/દુકાન તમો ભવિષ્યમાં વેચાણ (રી-સેલ) કરો તો વેચાણ કરતા પહેલા એશોસીએશનનું ખરીદનારના નામ જોગનું એન.ઓ.સી. ફરજીયાત મેળવવાનું રહેશે અને આ શરત તમો ખરીદનાર એ કબુલ રાખતા તમોને આ ફલેટ/દુકાન વેચાણ આપેલ છે.

(M) સદરહું ઉપરોકત " **ગોકુલ વૃંદાવન હાઈટ્સ** " ના નામથી ઓળખાતા રેસીકોમ બિલ્ડીંગમા વેચાણ દસ્તાવેજ થયેથી દરેક ફલેટ/દુકાન હોલ્ડર્સ " **ગોકુલ વૃંદાવન હાઈટ્સ** " **ફલેટસ/દુકાન ઓનર્સ એસોશીએશન** " ના આપો આપ સભ્ય બને છે તેથી અમોએ રજી. કરાવેલ ઓનર્સ કમ પ્રમોટર્સ ડેકલેરેશનની નકલ તમોને આપેલ છે તે તમોએ વાંચેલ છે અને તેની તમામ શરતો તમોએ કબુલ રાખતા અને તે મુજબ વર્તવાની કબુલાત આપતા તેની શરતોને આધીન રહીને આ ફલેટ/દુકાન તમોને વેચાણ આપેલ છે.

(N) તમો લખાવી લેનારએ સરકારશ્રીના ધારા-ધોરણ મુજબ સર્વિસ ટેકસ/GST કે અન્ય કોઈપણ કરવેરાની જે કોઈ રકમ ચુકવવાની થાય તે તથા આ દસ્તાવેજ રજીસ્ટર કરાવતા સમયે કે તે પહેલા અન્ય જે કોઈ પ્રવર્તમાન કરવેરા હોય તે તમો લખાવી લેનારએ અમો લખી આપનારને ચુકવવાના છે.

(O) સદરહુ મિલ્કતવાળા બિલ્ડીંગના માપ સમજેલ છે જે હકીકતે તમો ખરીદનાર એ બિલ્ડીંગના બિલ્ડીંગ પ્લાન, બિલ્ડીંગની મંજુરી, ડીઝાઈન તમો વાપરવામા આવેલ માલ મટીરીયલ વિગેરે પ્રત્યક્ષ જોઈ તપાસીને આ સદરહુ મિલ્કત ખરીદ કરેલ છે તેથી તે અંગે કોઈ વાંધો તકરાર નથી કે ભવિષ્યમા લેવાનો નથી.

ઓમ ડેવલોપર્સ
પાર્ટનર

(P) ઉપરોક્ત દર્શાવેલ શરતો સિવાય ફ્લેટસ/દુકાન હોલ્ડર વચ્ચે કોઈપણ જાતની સમસ્યા, વાંધો-તકરાર કે મદ-ભેદ ઉભા થાય તો તેનો નિકાલ ગુજરાત ઓનરશીપ ઓફ ફ્લેટસ/દુકાન એકટ-૧૯૭૩ તથા પ્રમોટરે રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન અને ડેવલપમેન્ટ) એકટ-૨૦૧૬ (રેરા) ની જોગવાઈ મુજબ કરવાનો રહેશે જેની આથી સ્પષ્ટતા કરવામા આવે છે.

(Q) SEVERABILITY / અલગતા બાબત :-

આ દસ્તાવેજ હેઠળની કોઈ જોગવાઈ રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન અને ડેવલપમેન્ટ) એકટ-૨૦૧૬ (રેરા) ની જોગવાઈઓ અથવા તે હેઠળ નિયમો અથવા નિયમન અથવા કોઈપણ લાગુ પડતા કાયદા હેઠળ રદપાત્ર હોય અથવા લાગુ પડી શકે તેમ ન હોય તો દસ્તાવેજની તે જોગવાઈઓ આ દસ્તાવેજના હેતુ માટે વ્યાજબી રીતે અસંગત હોય તેટલે સુધી સુધારેલ અથવા રદ થયેલ સમજવામા આવશે તથા કાયદા, નિયમ તથા નિયમનને સુસંગત હોય તેટલે સુધી આ કરારની અન્ય જોગવાઈઓ માન્ય રહેશે અને કરાર સહી કરતી વખતે જે રીતે લાગુ પડવા પાત્ર હોય તે રીતે યોગ્ય રીતે અમલી રહેશે.

(R) DISPUTE RESOLUTION / વિવાદનો ઉકેલ :-

આ દસ્તાવેજની બોલીઓ તથા શરત સંબંધી તથા તેને લગતી અથવા તેમાંથી ઉત્પન્ન થનાર તમામ વિવાદ જેમા અર્થઘટન, શરતોની માન્યતા તથા સંબંધીત પક્ષકારોના હકક તથા જવાબદારીઓ વિગેરે.... બાબત અરસ-પરસ સંમતિ થી ઉકેલવામાં આવશે તથા તેમા નિષ્ફળ નિવડે ત્યારે રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન અને ડેવલપમેન્ટ) એકટ-૨૦૧૬ તથા તે હેઠળ નિયમો તથા નિયમન હેઠળ નિમવામાં આવેલ નિવેડા અધિકારી દ્વારા નિકાલ કરવામાં આવશે.

(S) આ તમોને વેચાણ આપેલ ફ્લેટ/દુકાન વાળી ઈમારતમાં આવેલ તમામ કોમન એરીયા, કોમન પાર્કીંગ, પ્રોજેકટના ટાઈટલો વિગેરે જે જે સહીયારી સુવિધાઓ છે તે તમો ખરીદનારાઓના એસોસીએશનમા તબદીલ કરવામા આવશે તથા કોમન એરીયા અમો પ્રમોટરનો કોઈ હકક દાવો રહેશે નહી.

ઓમ ડેવલોપર્સ
પાર્ટનર

ઓનરશીપના ધોરણે આ વેચાણ દસ્તાવેજ અમોએ અમારી રાજી ખુશીથી, સમજી, વિચારી, જીવકાયમ રાખી, બીનકેફે, કોઈપણ જાતની ધાક-ધમકી વગર, લાલચમાં આવ્યા વગર કરી આપેલ છે જે અમોને તથા અમોના વંશ, વાલી, વારસો સહીત તમામને કબુલ મંજુર અને બંધન કર્તા રહેશે જેની ખાત્રી બદલ નીચે અમોએ અમોની સહી કરી શાખ નખાવી આપેલ છે.

સ્થળ :- ઉપલેટા. તારીખ :- / /૨૦૨૦

અત્રે :: મતુ

" ઓમ ડેવલોપર્સ " ના નામથી ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદારો (વેચનાર)

(૧) ....

(૨) ....

(૩) ....

(૪) ....

(૫) ....

અત્રે :: શાખ

(૧) ....

(૨) ....

ઓમ ડેવલોપર્સ
પાર્ટનર

" ઓમ ડેવલોપર્સ " ના નામથી ચાલતી ફોટો અંગુઠાની છાપ
ભાગીદારી પેઢીના ભાગીદારો (વેચનાર)

(૧) ....
(રાજશીભાઈ રૂડાભાઈ હુંબલ)

(૨) ....
(અશોકકુમાર વસંતરાય શેઠ)

(૩) ....
(ચંદુલાલ પંચાણભાઈ ડઢાણીયા)

(૪) ....
(ભાવેશકુમાર મનસુખભાઈ કાલાવડીયા)

(૫) ....
(પરેશકુમાર રાજશીભાઈ હુંબલ)

.... ફોટો અંગુઠાની છાપ
શ્રી...
(ખરીદનાર)

.... ફોટો અંગુઠાની છાપ
શ્રી...
(ખરીદનાર)

ઓમ ડેવલોપર્સ
પાર્ટનર

....

(વેચનારની સહી) (ખરીદનારની સહી)

સરનામુ :- ગામ ઉપલેટા શહેર મ્યુની. હદની અંદર રહેણાંકના હેતુ માટેની ઈમારત બાંધવાની મંજુરીવાળી જમીનના **પ્લોટ નં. ૯૩** ની જમીન **ચો.મી.આ. ૮૨૫-૧૨** તથા **પ્લોટ નં. ૯૨** ની જમીન **ચો.મી.આ. ૩૭૦-૮૭** કુલ **ચો.મી.આ. ૧૧૯૫-૯૯** ઉપર આવેલ " **ગોકુલ વૃંદાવન હાઈટ્સ** " ના નામથી ઓળખાતા રેસીકોમ લો-રાઈઝ બિલ્ડીંગ માહેના .... ફલોર ઉપર આવેલ ફલેટ/દુકાન નં. ...., મું.ઉપલેટા, જિ.રાજકોટ.

ઓમ ડેવલોપર્સ
પાર્ટનર